Friday
24.07.2026
*Volume :11 * Issue No.20
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# વિકસિત ભારત લક્ષ્યાંકો તરફ ગ્રામીણ વિકાસ, કૃષિ, સામાજિક કલ્યાણ અને સંલગ્ન ક્ષેત્રોની પ્રગતિની સમીક્ષા કરવા પ્રધાનમંત્રીએ સચિવોની ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી

## પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે નાગરિકોનું કલ્યાણ જ તમામ સુધારાઓના કેન્દ્રમાં રહેવું જોઈએ



કમલમ્,

પ્રધાનમંત્રીએ વહેલી સવારે ૭, લોકકલ્યાણ માર્ગ સ્થિત તેમના નિવાસસ્થાને વિકસિત ભારત લક્ષ્યાંકો તરફ ગ્રામીણ વિકાસ, કૃષિ, સામાજિક કલ્યાણ અને સંલગ્ન ક્ષેત્રોની પ્રગતિની સમીક્ષા કરવા માટે સચિવો સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે નાગરિકોનું કલ્યાણ જ તમામ સુધારાઓના કેન્દ્રમાં રહેવું જોઈએ. તેમણે કહ્યું કે લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ઘડવામાં આવેલા સુધારાઓએ વાસ્તવિક ગતિ પકડવી જોઈએ અને અર્થપૂર્ણ પરિવર્તન લાવવું જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સુધારાઓનો ઉદ્દેશ્ય માત્ર સરકારની કામગીરીમાં સુધારો કરવાનો નથી, પરંતુ વિકસિત રાષ્ટ્ર બનવા તરફની ભારતની યાત્રાને ઝડપી બનાવવાનો છે. પ્રધાનમંત્રીએ રેખાંકિત કર્યું કે શાસન પ્રણાલીઓ ઝડપી ફેરફારોની સાક્ષી બની રહી છે અને ગતિશીલ તથા વિકસતા વાતાવરણની જરૂરિયાતોને અસરકારક રીતે પહોંચી વળવા શાસન પ્રક્રિયાઓને અનુકૂળ બનાવવા અને મજબૂત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં ઉભરી રહેલી નવી જરૂરિયાતોનું વ્યાપક મેપિંગ હાથ ધરવા સૂચન કર્યું હતું.

પ્રધાનમંત્રીએ રાષ્ટ્રના વિકાસના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે હોલ-ઓફ-ગવર્નમેન્ટ (સમગ્ર સરકાર) અભિગમની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે વિકસિત ભારત બનાવવાનું સ્વપ્ન એક જન આંદોલન બનવું જોઈએ અને ભારતના યુવાનો આ વિઝનનો પાયો બનવા જોઈએ. પ્રધાનમંત્રીએ યુવાનોમાં નશીલા દ્રવ્યોના દુરુપયોગની ગંભીર સમસ્યાને ઉકેલવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે સૂચવ્યું કે વિભાગીય સાયલો (સીમાઓ) ને તોડવા માટે એક સંસ્થાકીય પ્રણાલી વિકસાવવા અને યુવા-કેન્દ્રિત પહેલોમાં વધુ આંતર-વિભાગીય સંકલન અને કન્વર્જન્સ (સંકલન) ને પ્રોત્સાહન આપવા માટે પ્રયાસો કરવા જોઈએ. પ્રધાનમંત્રીએ રમતગમતના વિકાસ માટે એકીકૃત અભિગમ અપનાવવાની જરૂરિયાત પર વધુ ભાર મૂક્યો હતો.

તેમણે નોંધ્યું હતું કે, સ્પોર્ટ્સ ટૂરિઝમ એક મુખ્ય ફોકસ એરિયા તરીકે ઉભરી રહ્યું છે ત્યારે, ભારતે પોતાને વૈશ્વિક સ્પોર્ટ્સ હબ તરીકે સ્થાપિત કરવા માટે મુખ્ય આંતરરાષ્ટ્રીય રમતગમત ઈવેન્ટ્સનું આયોજન કરવાનું લક્ષ્ય રાખવું જોઈએ. તેમણે સ્પોર્ટ્સ સેક્ટરમાં ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા અને સ્ટાર્ટઅપ્સ દ્વારા ઈનોવેશન (નવીનતા) ને પ્રોત્સાહિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ પ્રકાશ પાડ્યો હતો કે ખેડૂતો દ્વારા PM-KUSUM યોજના જેવી પહેલોનો વ્યાપક સ્વીકાર કૃષિ ક્ષેત્રમાં પરિવર્તનકારી ફેરફારો લાવી શકે છે. તેમણે આંતરરાષ્ટ્રીય તકો અને ભવિષ્યની જરૂરિયાતો સાથે વધુ સારા સંકલનને સુનિશ્ચિત કરવા માટે કૌશલ્ય જરૂરિયાતોના વૈશ્વિક મેપિંગની જરૂરિયાત પર વધુ ભાર મૂક્યો હતો. સચિવોએ પોતપોતાના ક્ષેત્રોમાં વિવિધ પહેલો અને પડકારો અંગે પોતાના અનુભવો અને દ્રષ્ટિકોણ શેર કર્યા હતા.

પ્રધાનમંત્રીએ ભવિષ્યની કાર્યયોજના માટે પોતાના સૂચનો અને વિઝન શેર કર્યા હતા. આ બેઠકમાં અસરકારક અમલીકરણ, વધુ સંકલન અને વિકસિત ભારતના લક્ષ્યો તરફ ઝડપી પ્રગતિ પર ધ્યાન કેન્દ્રિત કરીને તમામ ક્ષેત્રોમાં વ્યાપક અને ઉત્પાદક ચર્ચાઓ થઈ હતી. આ બેઠકમાં કેબિનેટ સચિવ, મુખ્ય મંત્રાલયોના સચિવો તેમજ પ્રધાનમંત્રી કાર્યાલયના વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી.

# સ્ટેટ ટેક્સ ઈન્સ્પેક્ટર્સ તરીકે ૩૦૧ નવ યુવાઓ રાજ્ય સરકારની સેવામાં જોડાયા



## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ નાણામંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં નિમણૂક પત્રો એનાયત કર્યા

### નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવીને રાજ્યની આવક વૃદ્ધિ, નવા પ્રોજેક્ટ્સ અને નવી વિકાસ તકોથી વધુ રોજગાર અવસરના સંવાહક બનવા નવનિયુક્ત યુવાઓને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું આહવાન



















કમલમ્,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારમાં રાજ્ય કર નિરીક્ષક (સ્ટેટ ટેક્ષ ઈન્સપેક્ટર) તરીકે નવી નિમણૂક મેળવી રહેલા યુવાનોને આહવાન કર્યું કે, નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવીને રાજ્યની આવકમાં વૃદ્ધિ, નવા પ્રોજેક્ટ અને રોકાણો મેળવવા તથા તેના પરિણામે નવી રોજગારીની તકો ઊભી કરવાના તેમણે સંવાહક બનવાનું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિ અને રિફોર્મ, પર્ફોર્મ અને ટ્રાન્સફોર્મનો જે અભિગમ અપનાવ્યો છે તેના પરિણામે દેશમાં વિકાસ ક્રાંતિ સર્જાઈ છે. ભારત આજે ગ્લોબલ કોમ્પિટીશન કરતો દેશ બન્યો છે. એટલું જ નહિં, હાઈડ્રોજન ટ્રેન જેવી પહેલથી વિકસિત દેશો સામે સજ્જતાથી ઉભો રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારના નાણાં વિભાગમાં વેરા નિરીક્ષકોની ૩૦૧ જગ્યાઓ પરની સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવીને નવી નિમણૂક મેળવનારા યુવાનોને ગાંધીનગરમાં નિમણૂક પત્રો એનાયત કરતાં યુવાઓને વિકસિત ગુજરાતના નિર્માણના સંવાહક ગણાવ્યા હતાં.

મુખ્યમંત્રીશ્રીએ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ તેમજ રાજ્યમંત્રી શ્રી કમલેશભાઈ પટેલ અને મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસની ઉપસ્થિતિમાં આ નિમણૂક પત્રો એનાયત કર્યા હતા. તેમણે ઉમેર્યું કે, સરકારી સેવામાં અને ખાસ કરીને ફાયનાન્સ જેવા વિભાગમાં સેવાની જે તક મળી છે તેને સારું સંચાલન અને પ્રમાણિકતાપૂર્વકની ફરજો અદા કરીને આ યુવાનોને નિભાવવાની છે. "આપણું કાર્ય એવું હોવું જોઈએ કે સામેના વ્યક્તિની જે મુશ્કેલી હોય તે સરકાર તરીકે નિયમબદ્ધ રહીને ઉકેલી આપીએ અને તેને તકલીફ ન પડે" એવો કાર્યમંત્ર પણ મુખ્યમંત્રીશ્રીએ આ નવનિયુક્ત કર નિરીક્ષકોને આપ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ વાયબ્રન્ટ સમિટ શરૂ કરાવી તેની સફળતાને કારણે ગ્લોબલ પ્લેટફોર્મ પર ગુજરાત રોકાણ-ઉદ્યોગ માટેનું બેસ્ટ પર્ફોર્મર બન્યું છે. હવે તમારે સૌએ ગુજરાતના આ વિકાસને વધુ ગતિ આપીને આગળ લઈ જવાનો છે એવી પ્રેરણા તેમણે આપી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે નવી નિમણૂંક મેળવી રહેલા આ યુવાનોને વિકસિત ગુજરાતના ભાવિ ઘડવૈયાઓ ગણાવતાં કહ્યું કે, વિકસિત ગુજરાત અને વિકસિત ગુજરાતથી વિકસિત ભારત તેમને સૌને જોવા મળશે એટલી લાંબી તમારી કૅરિયર રહેવાની છે. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના મંત્રને આત્મસાત કરીને સૌને સાથે મળીને સરકારી સેવક તરીકેની ભૂમિકા પ્રમાણિકતાપૂર્વક નિભાવવાનો મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

સ્ટેટ ટેક્સ ડિપાર્ટમેન્ટમાં નવનિયુક્ત ૩૦૧ જેટલા સ્ટેટ ટેક્સ ઈન્સપેક્ટર્સના નિમણૂક પત્ર વિતરણ પ્રસંગે નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, કઠિન પરીક્ષા ઉત્તીર્ણ કરીને સેવા ક્ષેત્રે જોડાયેલા યુવાનોએ જે મક્કમતા અને મહેનતથી સફળતા મેળવી છે, તે જ નિષ્ઠા પોતાની સમગ્ર સેવા દરમિયાન પણ જાળવી રાખવી જોઈએ. નાણાં અને ટેક્સ ડિપાર્ટમેન્ટને રાજ્યના અર્થતંત્રની મહત્વપૂર્ણ કરોડરજ્જુ ગણાવતા તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યની બેલેન્સશીટ પોઝિટિવ રાખવાની તેમજ તમામ સર્વાંગી વિકાસ કાર્યો માટે નાણાકીય સ્થિરતા અને સંતુલન જાળવવાની આ વિભાગ પાસે અત્યંત જવાબદારીપૂર્વકની ભૂમિકા છે. વધુમાં નાયબ મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ટેક્સ વિભાગ રાજ્યની મહેસૂલી આવકનો મુખ્ય આધારસ્તંભ છે.

નવનિયુક્ત કર્મચારીઓની પ્રાથમિક જવાબદારી છે કે કોઈ પણ પ્રમાણિક વેપારીને અકારણસર મુશ્કેલી કે અગવડતા ન પડે; કારણ કે વેપારીઓની સરળ કામગીરી અને આર્થિક સમૃદ્ધિ સીધી રીતે રાજ્યના આર્થિક હિત સાથે જોડાયેલી છે. તેમણે નવનિયુક્ત અધિકારીઓને સતત શીખવાની વૃત્તિ રાખવા અને વરિષ્ઠ અધિકારીઓના અનુભવનો લાભ લઈને નાગરિકો તથા વેપારીઓના વ્યાજબી પ્રશ્નોનો ઝડપી, પારદર્શી અને સકારાત્મક નિકાલ લાવવા આહવાન કર્યું હતું. રાજ્યના જીએસટી (GST) ગ્રોથ રેટ અંગે વાત કરતાં નાયબ મુખ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, 'ટીમ ગુજરાત'ના સક્ષમ નેતૃત્વ હેઠળ જી કલેક્શન અને તેનો વિકાસ દર ઉત્સાહજનક રહ્યો છે. નવા ઊર્જાવાન અધિકારીઓના જોડાવાથી રાજ્યની મહેસૂલી આવકમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થશે, તેના પરિણામે ગુજરાતના સુદૂર વિસ્તારો સુધી જનકલ્યાણકારી યોજનાઓ અને પાયાના વિકાસ કાર્યો પહોંચાડી શકાશે. તેમણે તમામ નવનિયુક્ત સ્ટેટ ટેક્સ ઈન્સપેક્ટર્સને વેપાર-ઉદ્યોગ જગત સાથે યોગ્ય સંકલન સાધીને રાજ્યહિતમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ

આ પ્રસંગે નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૭માં જીએસટી (GST) અમલમાં આવ્યા બાદ અનેક નીતિવિષયક સુધારાઓ થયા છે. ૪૦% અને ૨૮% ના ટેક્સ સ્લેબ ઘટીને ૧૮% જેવા સરળ દરો થયા છે, જે સમયગાળા દરમિયાન વિભાગમાં પણ હકારાત્મક બદલાવ આવ્યા છે. આ ઉપરાંત સમગ્ર દેશમાં જીએસટી રિટર્ન ફાઈલ કરવાના કોમ્પ્લાયન્સમાં ગુજરાત વર્ષોથી ૯૯%થી વધુ દર સાથે પ્રથમ ક્રમે રહ્યું છે, જ્યારે ટેક્સ કલેક્શનમાં રાજ્ય અગ્રણી સ્થાન ધરાવે છે. આપણા વેપારીઓ અને ઉદ્યોગકારો સહયોગી હોઈ, તેમને વ્યાપારમાં સરળતા રહે તે માટે 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ની ભાવનાથી મદદરૂપ થવું એ આપણી પ્રાથમિક ફરજ છે. વધુમાં નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ નવનિયુક્ત સ્ટેટ ટેક્સ ઈન્સપેક્ટર્સને સૂચન કર્યું હતું કે, આપણે માત્ર સત્તા ભોગવવા માટે નથી, પરંતુ નાગરિકોની સેવા કરવા માટે છીએ. વેપારીઓ અને નાગરિકો સરળતાથી ટેક્સ ચૂકવે તેવું વાતાવરણ રાજ્યમાં ઊભું કરવાનું છે. આ ટેક્સ રૂપે એકત્રિત થતી રકમનો ઉપયોગ ગુજરાત અને દેશના વિકાસ કાર્યોમાં થાય છે, તેથી યુવા અધિકારીઓ જેટલું શ્રેષ્ઠ કામ કરશે એટલું જ રાજ્યમાં વધુ સંપત્તિનું નિર્માણ થશે.

મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ

આ પ્રસંગે ઉમેદવારોનો ઉત્સાહ વધારતા રાજ્યના મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસે જણાવ્યું હતું કે, આશરે ૨.૩૦ લાખથી વધુ ઉમેદવારોએ જીઝની આ કઠિન સ્પર્ધાત્મક પરીક્ષા આપી હતી, જેમાંથી પસંદગી પામેલા આપ ૩૦૧ અત્યંત પ્રતિભાશાળી કર્મચારીઓ છો. આ તમામ અધિકારીઓના કૌશલ્યનો લાભ આગામી સમયમાં ગુજરાતના આર્થિક વિકાસને મળશે. તેમણે ઉમેર્યું હતું કે, GST એ એક વિશિષ્ટ અને સંવેદનશીલ કાયદો હોવાથી અધિકારીઓએ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના મહત્વના ચુકાદાઓ -જજમેન્ટ્સ તેમજ લીગલ કેસ-લોનું સતત જ્ઞાન મેળવવું જરૂરી છે, જેથી ટેક્સ કન્સલ્ટન્ટ્સ સામે સક્ષમતાથી રાજ્યના હિતોનું રક્ષણ કરી શકાય. કાર્યક્રમના પ્રારંભે નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. ટી. નટરાજને સ્વાગત પ્રવચન આપી ઉપસ્થિત મહાનુભાવો અને નવનિયુક્ત અધિકારીઓનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે, મુખ્ય રાજ્યવેરા કમિશનર શ્રી રૂપવંતસિંઘે કાર્યક્રમમાં હાજર રહેલા તમામ મહાનુભાવો અને અતિથિઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં નાણાં ઈકોનોમિક અફેર્સના સચિવ શ્રી સંદીપ કુમાર સહિત સ્ટેટ ટેક્સ ડિપાર્ટમેન્ટ સાથે જોડાયેલા ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

